

રમેશ ઠક્કર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ફક્ત દિલની સફાઈ માંગે છે
પ્રેમ ક્યાં પંડીતાઈ માંગે છે.
આંખને ઓળખાણ છે કાફી
લાગણી ક્યાં ખરાઈ માંગે છે.
જોઈએ સુખ બધાંને પોતીકાં
કોણ પીડા પરાઈ માંગે છે.
એક ઝાંખી જ એમની ઝંખે
દિલ બીજું ન કાંઈ માંગે છે.
નામ છે ભગવાન બસ એ વ્યક્તિનું
જે અહીં સૌની ભલાઈ માંગે છે

કિરીટ ગોસ્વામી

### પાથેય

## લાગણીનો સવિસ્તર અહેવાલ...

મનની કેટલીક પૂર્વ શરતો હોય છે.દરેક માણસ? એ શરતોને આધીન જ અન્યની વાતો સમજે છે. અવધારણાઓ ઉપર ચાલતું જગત અટપટું જ હોય.આપણે જો અન્યની નજરે પણ જોતા રહીએ તો જ જગત વિશે સમતોલ અભિગમ કેળવી શકીએ.મોટાભાગના લોકો પોતાની વાત જ સાચી,પોતાની સંસ્કૃતિ જ સાચી, પોતે જે કરે છે એ જ ઉત્તમ,એવી દ્રઢ માન્યતા સાથે જીવતા હોય છે.જુદા જુદા વ્યવસાયોમાં જે લોકો કામ કરે છે એમના માટે કેટલીક પૂર્વધારણાઓ આપણા માનસમાં ઘર કરી ગઈ હોય છે.આપણે એ લોકોને એ રીતે જ મૂલવતા રહીએ છીએ. જેમ કે આપણે લેખક કે કવિને સંવેદનશીલ વ્યકિત તરીકે જ ઓળખીએ છીએ.એનો અર્થ એવો નથી કે બીજા વ્યવસાયિકોમાં સંવેદના નથી હોતી..ઘણીવાર તો સર્જકો કરતાં સામાન્ય માણસ પોતાની આસપાસની દુનિયાને વધારે તીવ્રતાથી સંવેદી શકે છે..લેખક આ બધી સંવેદનાઓની સજાવટ કરે છે.શબ્દોની ટોપલીમાં એને શણગારે છે.સર્જન એટલે લાગણીનો સવિસ્તર અહેવાલ. લખવું એટલે આમ તો જાત સામે ઝઝુમવું.માણસ વિશ્વયુદ્ધો લડી શકે,વિરાસતોને ધ્વસ્ત કરી શકે,નિર્મમ રીતે જુલ્મી બની શકે..પણ એ બહારની દુનિયા સામે ! માણસની ભીતર એક રણભૂમિ હોય છે એમાં મામકા પાંડવા નથી હોતા..બંને પક્ષે આપણું જ મન હોય છે..સદ-અસદના આ આક્રમણનો પ્રતિકાર આપણી સંવેદના કરે છે..માણસના આંતરિક ભાવોને અભિવ્યક્તિની ઉડાન મળી જાય એટલે લખાય જ..લેખનનું ચાલકબળ લાગણી જ હોય છે ! લખવું એ આમ તો ખોટનો ધંધો છે..લોકો કોઈ ઘટના કે જીવનની કોઈ કડવાશને અનુભવી પછી ભુલી જાય છે. પણ સર્જકને એ જ ચીજ વળગાડ બની ચોંટી જાય છે..લેખનનો લેપ એને આ અભિશાપમાંથી મુકત કરાવે છે..લેખક લખીને હળવો થાય છે..પ્રસૂતીની પારાવાર વેદના પછી જે અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે એવો એ અનુભવ હોય છે..એ માણવાનું સદભાગ્ય ઈશ્વરે બે જ વ્યક્તિને આપ્યું છે એક જનની અને બીજા શબ્દસર્જકને ! દ્રવી ઉઠવાની આપોઆપ ઘટના જયાં આકાર લે ત્યાં કોઈ કવિતા કે કૃતિ લાવારસની માફક પ્રગટી જ જાય..ઠરેલો લાવા એટલે ફળદ્રુપ માટી ! એમ સ્થિર લાગણીઓની સજાવટ એટલે શબ્દ રચના..કોઈ સુંદર નવલકથા કે કાવ્યસંગ્રહ વાંચીએ ત્યારે એવું થાય છે કે શાંત દેખાતાં આ શબ્દ ડૂંડવાંમાં ઠરી ગયેલા લાવારસમાંથી કેટકેટલી રસસામગ્રીનો સંચય થયો હશે ! સર્જન એ વિસર્જન પછી વિસ્તરતી પ્રક્રિયા છે..પાન લીલું જોયા પછી સહુ કોઈને પોતાનું પ્રિયજન યાદ આવે જ.પણ એ જોવાની ઘટના આપણી બાબતમાં પછી આગળ વધતી નથી..ઘટનાનો લોપ કે વિસર્જન થઈ જાય છે..હરીન્દ્ર દવે જેવા કવિની કવિતાની શરૂઆત જ ત્યાંથી થાય છે .એટલે જ કહી શકે.." પાન લીલું જોયું ને તમે યાદ આવ્યાં..જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ..! કોઈ સારી કૃતિ આપણને ભીતર સુધી સ્પર્શી જાય ત્યારે સર્જક અને આપણી વચ્ચેનો એક સેતુ આકાર લેતો હોય છે..એ કૃતિ કોઈ અન્ય સર્જકને ઝંકૃત કરે અને એની અસરમાં કોઈ બીજી રચના આવે તો એ અનુસર્જન કહેવાય ! સાહિત્યમાં આવાં અનુસર્જનો પણ લાગણીઓના અણુ જેવાં હોય છે ! લખવાની વિવિધ તરકીબો હોય છે..સોના ઈંઢોણી રૂપા બેડલું જેવી સજાવટ હોય છે..લેખનની કોઈ પણ તરકીબ બોરિંગ નથી હોતી..કોઈપણ કૃતિ વાચકના મતે કાં તો સારી હોય અથવા ખરાબ..કોઈપણ સર્જન નકામુ કે ફેંકી દેવા જેવું નથી હોતું..કેમકે એ લાગણીની સીમમાંથી પ્રગટેલું હોય છે.

# એ સર્વવિદિત સત્ય હતું કે બધા એની નજીક રહેવા તલપાપડ રહેતા

"ઓહ, તને બંને હાથે લખતાં ફાવે છે? વાઉ, ગ્રેટ!" મંજૂષા બોલી ઊઠી. જવાબમાં બ્રિજ મલકયો. "ગાંડી, તને હજી ખબર નથી કે આ બ્રિજમાં કેટ-કેટલી ટેલેન્ટ ભરેલી પડી છે!" "ઓહ રિયલી? મને તો એમ કે તું એક દિલફેંક આશિક છે અને શાયરીઓ કરતો ફરે છે!" મંજૂષા હસી પડી. "આ મંજૂડીને તો મારી કોઈ કદર જ નથી!" બ્રિજે ટીખળ કરી.

"એને તો કોઈની કદર નથી! જો ને, હું રોજ જુદી-જુદી ગાડીઓ લઈને કોલેજ કેમ આવું છું?" રોહિત બોલ્યો. મિત્રવૃંદે એકી અવાજે પૂછ્યું, "કેમ?" "સિમ્પલ! મંજૂષાને ઈમ્પ્રેસ કરવા! કોઈક ગાડી એને ગમી જાય ને એ એમાં બેસવાની હા પાડી દે તો બંદા એને લઈને ફુર્રર....થઈ જાય!" રોહિતે આંખો નચાવી. બધાં હસી પડ્યાં.

આ તો રોજ થતી મસ્તી હતી. મંજૂષા હકીકતમાં રૂપની મંજૂષા જ હતી. કોલેજના બધા છોકરાઓની નજરોનું એ કેન્દ્ર હતી. એની એક ઝલક પામવા માટે છોકરાઓ રજા હોય તો પણ કોલેજે આવવા તૈયાર હતા! એના મિત્રવૃંદમાં સ્થાન મેળવવા કંઈ કેટલાય પ્રયત્નો થતા! અને એ સર્વવિદિત સત્ય હતું કે બધા એની નજીક રહેવા તલપાપડ રહેતા! એટલે હવે મજાકો પણ ખૂલીને થતી હતી! એમ તો એના ગ્રૂપમાં છોકરીઓ પણ હતી પણ એ બધી સાચી મિત્રતા નિભાવતી હતી જ્યારે છોકરાઓ તો મંજૂષા દેખાય એટલે પુરુષ મટીને પતંગિયું બની જતા હતા!

મંજૂષાને શું ગમશે, શું કહેવાથી રૂપની દેવી રીઝી જશે એ વિચારમાં ને વિચારમાં સવારની સાંજ પડી જતી હતી! એવી જ એક સવારે મજાક-મસ્તી ચાલી રહી હતી. કૌશલે પોતાના મસલ્સ બતાવ્યા. "ઓ.....હ.....!" મિત્રવૃંદ પોકારી ઊઠ્યું. છોકરીઓ અહોભાવથી અને છોકરાઓ ઈર્ષ્યાથી એને જોઈ રહ્યા. "છે કોઈની પાસે આવા મસલ્સ? દરરોજ ત્રણ કલાક જીમમાં કાઢું છું." કૌશલે ગર્વિષ્ઠ નજર આસપાસ ફેરવી. "ઓ સલમાન ખાનની છઠ્ઠી ઝેરોક્ષ! એમાં શું નવાઈ છે? એવા તો કેટલાય લોકોથી જીમ રોજ ઊભરાય છે!" અત્યાર સુધી શાંત રહેલા હેતાંશે ફાચર મારી. કૌશલ ચિડાયો. "તું બેસી રહે ને આળસુના પીર! સવારમાં છ વાગે ઊઠીને જીમ જવાની તાકાત છે તારામાં?" "ના ભ'ઈ, અમે તો સૂર્યવંશી! સૂરજ માથે આવે એટલે જ ઉઠવાનું! અમે ક્યાં કહીએ છીએ કે અમે જીમ જઈએ છીએ! અમે તો બીજાની વાત કરીએ છીએ!" હેતાંશે હથિયાર હેઠાં મૂકી દીધાં.

"એ મંજૂ, તને ખબર છે મને બાઈક પર જબરદસ્ત સ્ટંટ કરતાં આવડે છે?" ધનેશ બોલ્યો. "ઊંહુ! મને ક્યાંથી ખબર હોય? તેં આજ સુધી મને કોઈ દિવસ બાઈક પર બેસાડી છે?" મંજૂષાએ મોં મચકોડયું. ધનેશ 'ફોર્મ'માં આવી ગયો. "તો બોલતી શું નથી? આજ તો કોલેજનો ટાઈમ પૂરો થવા આવ્યો. ચલ, કાલે તૈયાર રહેજે. તને મારી નવી બાઈક પર બેસાડીને લોંગ ડ્રાઈવ પર લઈ જઈશ." મંજૂષાને શું વાંધો હોય? એણે એ ઓફર સહર્ષ સ્વીકારી લીધી. બાકીના છોકરાઓ હાથ ઘસતા રહી ગયા. આરૂષીએ તો કહી પણ જોયું, "એ ધનુડા, અમને પણ કોઈક દિવસ બાઈક પર લઈ જા ને!" ધનેશે એની તરફ તીરછી નજર નાખી. "પણ મારી એક લાખની બાઈક પર બેસવા જેવી બ્યુટી તો હોવી જોઈએ ને કોઈમાં!" રોશનીએ મજાક કરી, "તો શું મંજૂષા એકલી જ એક લાખની બાઈકને લાયક છે?" ધનેશે આંખો બંધ કરીને ડાયલોગ ફેંક્યો, "અરે, એ તો એક કરોડની બાઈક ઉપર શોભે એવી છે! મારી બાઈકની સીટ એને ગોદમાં લઈને ધન્ય થઈ જશે!" મંજૂષા ખડખડાટ હસી પડી. "બસ હવે, બહુ થયું. કાલે આવી જજે બાઈક લઈને."

"જો ભ'ઈ, બાઈક પર બેસાડીને છોકરીઓને ફેરવવી એને જ કોલેજમાં ભણ્યા ના કહેવાય!" દર્શિતે જ્ઞાન પીરસ્યું. થોડી વાર કોઈ કંઈ ન બોલ્યું. કારણ બે હતાં. એક તો દર્શિત સાચી વાત કરતો હતો. અને બીજું કે એ વાત દર્શિત કરી રહ્યો હતી. દર્શિત કોલેજનો ટોપર હતો. કોલેજના પહેલા વર્ષથી લઈને છેલ્લા વર્ષ સુધી એને અભ્યાસમાં કોઈ આંબી શક્યું નહોતું. એટલે એના જ્ઞાનથી અંજાઈને મંજૂષાએ પોતે જ એની સામે મિત્રતાનો હાથ લંબાવ્યો હતો. બદલામાં દર્શિત એને અભ્યાસમાં મદદ કરી રહ્યો હતો.

દર્શિતે વાત આગળ વધારી. "અલા, બધાં ભણવામાં ધ્યાન આપો! આમ મંજૂષાની આગળ-પાછળ ના ફર્યા કરો!" કૌશલે દર્શિત સામે નજર નોંધી. "તું કહે ને, તું મંજૂષાને ભણાવતો હોય છે ત્યારે તારું ધ્યાન ભણાવવામાં હોય છે કે પછી......?" દર્શિત થોથવાઈ ગયો, "હેં? ના, ના, ભણાવવામાં જ ને વળી!" હેતાંશ બોલી પડ્યો, "ઊંઠા ભણાવવામાં! સાચું બોલ!" મિત્રવૃંદ ખડખડાટ હસી પડ્યું. દર્શિત ખીજવાઈ ગયો, "તું તો ચૂપ જ રહેજે આળસુના પીર!" પછી એ પણ હસી પડ્યો. મજાકની છોળો ઉડાડતાં કોલેજીયનોએ એ દિવસ પૂરો કર્યો.

બીજે દિવસે મંજૂષા બાઈક-સવારી માટે બની-ઠનીને આવી ગઈ હતી. ધનેશ સપનાંનો રાજકુમાર બનીને આવી ગયો. ધનેશ નવી બાઈક લઈને કોલેજના પ્રાંગણમાં આવી પહોંચ્યો ત્યારે છોકરીઓનું ધ્યાન બાઈક પર સ્થિર થઈ ગયું અને છોકરાઓનું મંજૂષા પર! પ્રાંગણમાં ઊભેલી બાઈક વધુ રૂપકડી હતી કે બાઈક પાસે ઊભેલી મંજૂસુંદરી એ નક્કી કરવું મુશ્કેલ હતું. ધનેશ આજ કુબેર ભંડારી કરતાં પણ વધુ ધનવાન હોવાનો ગર્વ અનુભવી રહ્યો હતો. યલો ટી-શર્ટ અને જીન્સમાં શોભતી મંજૂસુંદરીએ ખુલ્લા વાળ ઉપર ચઢાવેલાં ગોગલ્સ નીચે આંખો પર ઉતાર્યાં ત્યારે તો ધનેશને એની પર સમરકંદ બુખારા વારી જવાનું મન થયું! એણે ચાહીને બાઈકનું એકસલરેટર ઘૂમ...ઘૂમ કરીને ઘુમાવ્યું જેથી ત્યાં રહેલાં બધાંનું ધ્યાન એની તરફ જાય! હીરોની માફક ડોકું ઘુમાવીને એણે રૂપસુંદરીને પૂછ્યું, "ચલો, જઈશું?" જવાબમાં રૂપસુંદરી મીઠું હસી.



સ-રસ

મમતા બુચ

સપનાંનો રાજકુમાર સ્વપ્નસુંદરીને લઈને ઊડી ગયો. પ્રાંગણમાં ઊભેલાં પ્રજાજનો ક્યાંય સુધી તાકતાં રહ્યાં! છેવટે બધાં હાથ ઘસતાં પાછાં ફર્યાં ત્યારે પેલી બાજુ સ્વપ્નસૃષ્ટિની સફર આરંભાઈ ચૂકી હતી. કાચા-પાકા રસ્તાઓ, અનપેક્ષિત વળાંકો અને ખતરનાક ચઢાણ-ઉતરાણ ધરાવતા ઢોળાવો ઉપરથી ધનેશની બાઈક સડસડાટ દોડી રહી હતી. મંજૂષાની "થ્રીલ" વધતી જતી હતી. અને એની આનંદ અને રોમાંચભરી કિકિયારીઓએ ધનેશને સાતમા આસમાને લાવી મૂક્યો હતો.

પણ એ સાતમા આસમાનેથી પાતાળમાં ત્યારે પછડાયો જ્યારે એક ખતરનાક ઢોળાવ પર એ આનંદના અતિરેકમાં કાબૂ ગુમાવી બેઠો અને બાઈક ભયંકર સ્પીડ સાથે ઉતરીને સામે આવતા ખટારા સાથે અથડાયું. પળવારમાં શું બની ગયું એની બંનેમાંથી કોઈને ખબર પણ ન રહી. રસ્તા ઉપર લોહીની નદીઓ વહેવા લાગી. સ્થાનિક લોકોએ એમને માંડ-માંડ હોસ્પિટલ સુધી પહોંચાડયાં. ડોકટરે જાહેર કર્યું, "છોકરીને લોહીની સખ્ત જરૂર છે. કોઈ લોહી નહીં આપે તો શું થશે એ કહેવું મુશ્કેલ છે." ધનેશે અર્ધબેભાન અવસ્થામાં માંડ-માંડ જીન્સના ખિસ્સામાંથી ફોન કાઢ્યો. "હલો રોહિત....અમને એક્સિડંટ....મંજૂષાને લોહીની સખત જરૂર.....કદાચ કોઈનું બ્લડગ્રૂપ મેચ થઈ જાય તો....." રોહિત અચકાયો, "બરાબર, પણ મારી પાસે અત્યારે ગાડી નથી...." કૌશલનો જવાબ આવ્યો, "યાર, એ ખટારાવાળાને પાઠ ભણાવવો હોય તો કહે. હમણાં આવીને એને સીધો કરી નાખું. પણ લોહી...હું જોઈ જ શકતો નથી, યૂ નો...." ધનેશે થાકી-હારીને છેલ્લો ફોન હેતાંશને કર્યો. "ધનેશ, મને આટલો મોડો ફોન કરાય? મારું બ્લડગ્રૂપ ઓ પોઝિટિવ છે. કઈ હોસ્પિટલમાં છો, બોલ?" હેતાંશનો ઉતાવળિયો અવાજ ધનેશને સંભળાઈ રહ્યો.

હેતાંશનું લોહી ચઢ્યા પછી ભાનમાં આવેલી મંજૂષાના માથા ઉપર હાથ ફેરવતો હેતાંશ પ્રેમાળ સ્વરે કહી રહ્યો હતો, "હું એટલો પણ આળસુનો પીર નથી હોં! તારે સાચે જરૂર હોય ત્યારે પોકારજે, બંદા તારી પુકાર પૂરી થાય એ પહેલાં હાજર હશે!"

- mtabuch150@gmail.com

# સોળ વરસે પ્રેમ થઈ શકે એમ સોળ વરસે દિલ પણ તૂટી શકે

એક છોકરી છેક ઉદેપુરથી ગાંધીનગર આવી પહોંચી હતી અને પથિકાશ્રમના બસ સ્ટેન્ડ પર બેઠી રડી રહી હતી. મોડી સાંજનો સમય હતો. લોકોની અવરજવર સાવ ઓછી હતી અને કોઈને એની પર ધ્યાન આપવાની જરૂર નહોતી લાગી.

એ વારે વારે કોઈકને ફોન જોડી રહી હતી અને પછી રડી પડતી હતી. એની પર પછી એક કંડકટરની નજર પડી હતી. એમણે જોયેલું કે આ છોકરી ક્યારનીય એકલી બેઠી રડી હતી. એને ક્યાંય જવાનું હોય એવું પણ લાગતું નહોતું. એની પાસે સામાનમાં એક નાનકડા થેલા સિવાય કંઈ નહોતું. એ ભાઈને થયું કે જઈને એ છોકરીને પૂછે કે તને શું તકલીફ છે, કેમ અહીં એકલી બેસી રહી છે? પછી થતું હતું કે જવા દે ને ખોટી માથાકૂટમાં કોણ પડે! રામજાણે એ છોકરી કોણ હોય, ક્યાંથી આવી હોય? બની શકે છે કે એ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલી હોય.

રાતના નવ વાગ્યે ને પિસ્તાલીસ મિનિટે એ કંડકટરની બસ ઉપડવાની હતી. એ પહેલાં એણે એનું જમવાનું પતાવી લેવાનું હતું. ઘરેથી લાવેલું ટિફિન ખોલી એ પહેલો કોળિયો મોંઢામાં મૂકવા જ જતો હતો કે ત્યાં જ એની નજર આગળ પેલી છોકરીનો ચહેરો તરવરી રહ્યો. એ પણ તો ભૂખી હશે. કંડકટરના ગળે કોળિયો ના ઉતર્યો. એણે ફરી એ છોકરી બેઠી હતી એ જગ્યાએ જઈ નજર કરી. એ હજી એમ જ બેઠી રહી હતી, ઉદાસ અને જીવનથી હારી ગયેલી!

કંડકટરને અચાનક એક ઉપાય સુઝ્યો અને એ ભાગતો ટિકિટ બારી પર ગયો. ત્યાં ટિકિટ લેવા ઊભેલાં કેટલાક લોકોમાંથી એક વ્યવસ્થિત લાગતા બહેન પાસે જઈ એણે કહ્યું, "બહેન તમે મારી થોડીક મદદ કરી શકશો? એક દીકરીની જિંદગીનો સવાલ છે."

એ બહેને જોયું તો ચહેરા પર ખીલના ખાડા અને અધકચરી ઉગેલી દાઢીને લીધે એ માણસ પહેલી નજરે ગુંડા જેવો લાગતો હતો. એની ખાખી રંગની વરધી અને લાલ થઈ ગયેલી આંખોમાં એ કોઈ પીધેલો હોય એવો વધારે લાગતો હતો...પણ એની વાણીમાં એક અજીબ નમ્રતા હતી. મીઠાશ હતી. એ બહેને પરાણે પૂછ્યું, "એવું તે શું કામ છે અને હું જ કેમ? તમે કોઈ બીજા પાસે મદદ કેમ નથી માંગતા?"

એ ભાઈએ તરત જ કહ્યું, "અહીંથી થોડે આગળ આવેલા બાંકડા પર એક છોકરી છેલ્લા બે કલાકથી બેસી રહી છે. હવે રાત થઈ ગઈ. જુવાન છોકરી અહીં આમ એકલી બેસી રહે એ યોગ્ય નથી. હું એની સાથે વાત કરવા જાઉં તો એ ગભરાઈ જશે પણ જો તમે એને પૂછી શકો તો..."

એ બહેનને હવે કંડકટરની વાત પર ભરોસો બેઠો હતો. આમેય એ એક શિક્ષિકા હતાં અને આસપાસ ઊભેલાં બીજા પેસેન્જરના કાન સુધી આ વાત પહોંચી જતા બધાને હવે આ વાતમાં રસ પડ્યો હતો. પછી તો એક નાનકડું ટોળું એ છોકરી પાસે ગયું હતું. બહેને શાંતિથી એની પાસે જઈ વાત કરી હતી અને જે જાણવા મળ્યું એ એક મોટો સબક શીખવાડી જાય એવું હતું.

એ છોકરી ઉદેપુરની એક શાળામાં બારમાં ધોરણ અભ્યાસ કરતી સારા ઘરની દીકરી હતી. ફેસબુક પર એની ઓળખાણ એક છોકરા સાથે થયેલી અને એ એના પ્રેમમાં પડી ગઈ હતી. છોકરાએ છોકરીને આકાશમાંથી ચાંદ તારા તોડી લાવવાના વાયદા કર્યા હતા. દિવસ રાત બન્ને વચ્ચે મેસેજની આપ-લે ચાલતી હતી. છોકરીને હવે આ છોકરાને રૂબરૂ મળવાની ઈચ્છા થઈ હતી અને છોકરાના બર્થ ડે પર એને સરપ્રાઈઝ આપવા એ ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી પડી હતી. એને ઉદેપુરથી ગાંધીનગરનો રસ્તો કાપવો સહેલો પડ્યો હતો પણ અહીં આવ્યા બાદ એણે જેવો એ છોકરાને મેસેજ કર્યો કે પોતે એને મળવા આવી પહોંચી છે ત્યારે છોકરાએ એનું અસલ રૂપ દેખાડ્યું હતું.

એ છોકરો અમદાવાદમાં એક જગ્યાએ નોકરી કરી રહ્યો હતો. એના કામને લઈને એણે આખો વખત ઈન્ટરનેટનો ફ્રી વપરાશ કરવા મળતો હતો અને એના થકી જ એણે સોશિયલ મીડિયામાં કેટલીય બહેનપણીઓ બનાવી હતી. એ મીઠી મીઠી વાતો કરીને છોકરીઓને ભોળવતો હતો અને એકથી મન ભરાઈ જાય એટલે બીજી સાથે ચાલું પડી જતો. એણે આ છોકરીની વાત સાંભળતા જ કહી દીધું હતું કે તારું કંઈ ફરી ગયું છે? મેં તને કહ્યું હતું કે તું મને મળવા આવ? મારે તને નથી મળવું. હું હજી એવી રીતે આગળ વધવા તૈયાર નથી. ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી જવાની મૂર્ખામી તે કરી છે તો હવે તું તારી જાતે જ આગળ શું કરવું એ વિચારી લેજે અને હવેથી ભૂલથીય મને કૉલ કે મેસેજ ના કરતી.



નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

એણે પછી એ છોકરીને સોશ્યલ મીડિયા પર બ્લૉક કરી હતી. એનો નંબર પણ બ્લૉક કરી નાંખેલો. એ છોકરીએ એમનાં કોમન મિત્રોને મેસેજ કર્યા હતા દરેકે સારી સારી વાતો કરી પણ કોઈ એની મદદ કરવા તૈયાર નહોતું. એટલે સુધી કે કોઈએ એને એ છોકરાનું સરનામું કે એનો બીજો ફોન નંબર પણ નહોતો આપ્યો..

એ છોકરી માટે પછી અભયમની ટીમ બોલાવાઈ હતી, પોલીસ આવેલી, એના માબાપ જાણ થતાં જ દોડતા આવી પહોંચ્યા હતાં અને એ સહીસલામત પાછી એને ઘેર પહોંચી ગઈ હતી. અહીં એના પપ્પાની વાત પાછી જાણવા જેવી છે. એમણે કહેલું કે અરે બેટા તને કોઈ ગમી ગયો હતો તો તે મને જાણ કેમ ના કરી? હું પોતે તને લઈને અહીંયા આવત, એ છોકરાને જોવત, એને પારખત અને એ ખરેખર તને આજીવન સાચવી શકે એમ હોત તો હું જ તારા લગ્ન એની સાથે કરાવી આપત. હું તારો બાપ છું કોઈ દુશ્મન નહિ.

માન્યું કે દરેક પિતા કદાચ આ છોકરીના પિતા જેટલા સમજદાર ના હોય અને એને ઘરેથી થોડી વઢ ખાવી પડે. એ માબાપની ખીજ કે બોલેલું તો ભૂલી જવાશે પણ દિલ પર લાગેલી ચોટનું શું? પહેલો પ્રેમ તમારા જીવનમાં આવે જ નહિ એ સહન કરી શકાય પણ એ આવીને તમને ક્યારેય ના ભૂલી શકાય એવી પીડા આપી જાય ત્યારે...

ખેર, મારી વાત માનો તો પ્રેમની શરૂઆતમાં જ તમારું દિલ તૂટે ત્યારે ભગવાનનો ઉપકાર માનો. એણે વખત રહેતા તમને ચેતવી દીધા! તમારી નજર આગળ જ તમારું પસંદ કરેલું પાત્ર કેટલી હદે કંગાળ અને લાગણી વગરનું છે એ દેખાડી આપ્યું જેથી તમે એ નિષ્ઠુર વ્યક્તિને ભૂલીને બીજી સારી વ્યક્તિ વિશે વિચારી શકો.

જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી તક છે. એક વાર તમારૂ ધાર્યું નથી થતું કોઈ વાંધો નહિ આગળ નવી તક આવશે અને બની શકે છે કે એ વધારે સારી હોય. તમે નાદાન ઉંમરે પ્રેમમાં પડવાની ભૂલ ના કરો એવું હું નથી કહેતી. પ્રેમ ઉંમર જોઈને નથી જ થતો, પણ હું એટલું જરૂર કહીશ કે પ્રેમમાં પડો ત્યારે તમારી સમજવાની, વિચારવાની શક્તિને સાવ જ કોરાણે ના મૂકી દો. જે વ્યક્તિને તમે તમારું સર્વસ્વ માની બેસો એ વ્યક્તિ માટે તમારું કેટલું મહત્વ છે એ જાણવાની તસ્દી જરૂર લો. જરૂર પડે તમારી નજીકના સારા માણસોની સલાહ લો, એમાં કંઈ ખોટું નથી અને આટલું બધું કર્યા બાદ પણ જો દિલ તૂટી જાય તો ભગવાનનો ઉપકાર માનો...!

**અમસ્તું,**

દિલ તૂટે એનો સીધો મતલબ એટલો જ કે જે વ્યક્તિને તમે પસંદ કરી હતી એ તમારો સાચો પ્રેમ નહતો.

@Niyati Kapadia

# દેશપ્રેમ એ રાષ્ટ્ર તરફની માત્ર લાગણી નથી પણ દેશવાસીઓ તરફની સેવાભાવના છે!

**ચલો બિરાદર ! કદમ ઉઠાવો**
**ભારતનો જય ગાઓ !**
**સ્વરાજના ગઢ માથે આજે**
**નવી ધજા ફરકાવો !**
**ત્યાગ - સમર્પણ - નિર્ભયતાની**
**ઉડાડે પતાકા જંગી ,**
**કોટિ કોટિ હૈયાનાં શિખરે**
**ઝંડો ચડે તરંગી !**
**રાજ આપણું તાજ આપણો ,**
**આપણી ભારત માત !**
**ભારતના બળવાન ભાવિનાં**
**આપણે ભાગ્ય વિધાતા !**

● ● ●

**- રમણલાલ સોની**

દેશે આઝાદીનો અમૃત કાળ વિતાવ્યો. સાડા સાત દાયકાની સુખદ સ્વરાજ સફર પછીયે કવિશ્રી ઉમાશંકર જોશીના પેલા શબ્દો દેશવાસીને સવાલ કરે છે....

" દેશ તો આઝાદ થાતાં થઈ ગયો , તેં શું કર્યું ? "

સાચે જ પ્રત્યેકે જાતને સ્વગત પૂછવું રહ્યું , ' મેં દેશ માટે શું કર્યું ?!"

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જ્હોન એફ.કેનેડીનું વિશ્વ પ્રસિદ્ધ વાક્ય પણ આ સંદર્ભે અહીં યાદ આવે , " એ ન પૂછો કે દેશે તમારા માટે શું કર્યું ? પરંતુ એ કહો કે તમે દેશ માટે શું કરી શકો છો? " મોટે ભાગે આપણે સૌ પોતાની જાતને પરમ દેશભક્ત જ માનતા રહેલા છીએ.હું દેશને વફાદાર છું...આજે ક્યાં શહીદ થવાની જરૂર છે..હું શાંતિથી કમાઉ છું..પરિવારને સાચવું છું...એથી બીજું શું કરું...બસ , આવી સંકીર્ણતા સાથે પ્રતિવર્ષ આન - બાન - શાનથી રાષ્ટ્રીય પર્વ મનાવતા રહ્યા છીએ.મોટે ભાગે સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજ વંદના કરી અને આપણે ૨૬મી જાન્યુઆરી સુધી રાષ્ટ્ર ધર્મ અદા કર્યાની ગુલબાંગ પોકારી પોંઢી જઈએ છીએ.કેટલીક વાર તો મહામુલા રાષ્ટ્રીય પર્વ માત્ર રજા બની રહે છે..!!

ખેર, ભારત સરકારે " ઘર ઘર ત્રિરંગા " દ્વારા રાષ્ટ્રભક્તિની નવી આબોહવા સર્જી. " મારી માટી , મારો દેશ " -- ના સરાહનીય અભિયાન દ્વારા દેશના ગામડે ગામડે રાષ્ટ્રીય ચેતના જગાડવાનો નવતર પ્રયોગ કર્યો.આવા સમયોચિત નવાચારનો ઉદ્દેશ માત્ર એક જ કે સ્વરાજના લડવૈયા અને ઘડવૈયા ઓને યાદ કરી માતૃભૂમિ પ્રત્યે એમણે દાખવેલી સમર્પણ ભાવનાથી ભાવિપેઢી અવગત થાય..શહીદવીરોમાં જે દેશભાવના હતી તેવી નવી પેઢીમાં સંક્રાંત થાય અને ઉમદા નાગરિક બને તે હેતુ રહેલો છે.

આજે કયાં પ્રાણાર્પણ કરવાના છે ??! બસ ,પોતાના કાર્યક્ષેત્રમાં સંપૂર્ણ પ્રામાણિકતા, નિષ્ઠા અને દેશને વફાદાર રહી પોતાની ફરજ નિભાવીએ તોય ઘણું...અને આવા લોકોના કારણે દેશ ટકી રહ્યો છે...આગળ વધ્યો છે...ને વધતો રહેશે જ.નિષ્ઠાપૂર્વક મહેનત કરનારા...કામ ચોરી ન કરનારા...ખુણા ન શોધનારા.. લાંચ - રૂશ્વતથી દુર રહેનારા --રોજિંદા જીવનમાં માણસાઈ દાખવનારા -- આ બધા મારે મન તો દેશભક્ત જ છે.

ઘણીવાર આપણે પોતીકા દેશની નગોદાઈ કરીએ છીએ અને પરદેશનાં મોંફાટ વખાણ કરતાં થાકતા નથી..પણ ક્યારે વિચાર્યું છે ખરું કે ટેક્સ ભરી દેવાથી જ સુવિધાઓ મળતી નથી...મળેલી સુવિધાઓને સાચવી રાખવા રાષ્ટ્રભક્તિની જરૂર પડે છે. આ લખતી વખતે જાપાનમાં બનેલી એક સત્ય ઘટના યાદ આવી. સ્વામી વિવેકાનંદ જ્યારે જાપાનની ટ્રેનમાં સફર કરી રહ્યા હતા ત્યારે એક સ્ટેશન પર ફળ ખરીદવા ઉતર્યા. એ સ્ટેશન પરનાં ફળ એમને ગમ્યાં નહીં. ટ્રેનમાં જાપાની સહયાત્રીને એમણે કહ્યું કે અહીં સારાં ફળો નથી મળતાં. એ સહયાત્રી બીજા સ્ટેશન પર ઉતરીને ફળોની ટોપલી લઈ આવ્યા.એ સહયાત્રીને પોતાના દેશ માટે આટલું પણ સાંભળવું કબૂલ ન હતું ! જે દેશમાં જન્મ્યા...ઉછર્યા... ભણ્યા...જેના હવા- પાણી - અન્નથી પોષાયા ...જેના પ્રાણવાયુથી શ્વસ્યા એ ભૂમિ પરત્વે આપણને પ્રેમ અને ભક્તિભાવના હોવી જ જોઈએ.



લાગણીનો મેળો

રસિક વાળંદ

મને ઊંડે ઊંડે એટલું તો સમજાય છે કે દેશની જનતાના હૈયામાં કંઈક કરવાની ભાવના તો પડેલી છે જ.પણ કદાચ સમય - સંજોગોના અભાવે ...પરિસ્થિતિને કારણે...કે વૈચારિક વાતાવરણના અભાવે તે ઠરી ગઈ હોય એવું બને..

પરંતુ વખત આવ્યે દેશ માટે સમર્પિત વ્યક્તિત્વના પ્રગાઢ દેશપ્રેમની ચિનગારીનો સ્પર્શ થશે ત્યારે તે દેશપ્રેમની આગ અવશ્ય પ્રજ્વલિત થશે જ... ગાંધી...સરદાર...સુભાષ..લાલબહાદુર...ડૉ. હેડગેવાર..શ્યામાપ્રસાદજી...દીનદયાળ...બાજપાઈજી...જેવા સમયાંતરે મળેલા દેશ સેવકો એ જે તે સમયના વાતાવરણમાં દેશપ્રેમની પ્રભાવક આગ પ્રજ્વલિત કરેલી..આવા મહામાનવોના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે રાષ્ટ્રસેવા માટે કટિબદ્ધ થઈએ એ જ અભ્યર્થના...!!

● ● ●

**સ્પર્શમણિ :-**

**દેશપ્રેમ એ રાષ્ટ્ર તરફની માત્ર લાગણી નથી પણ દેશવાસીઓ તરફની સેવાભાવના છે !**

**- સ્વાંમી વિવેકાનંદ**

● ● ●

**વધારે દૂર જોવાની ઘેલછામાં માનવીની નજીકથી ઘણું બધું જતું રહે છે.**

● ● ●

rasikvaland1965@gmail.com
9913426949